સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અષાઢ સુદ - ૦૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

ધારેલું ના મળે,
મળેલું ના ગમે
અને ગમેલું ના ટકે
એનું જ નામ
જીવન!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૨૬ ● તારીખઃ ૧૫.૦૭.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## એલ નીનોનું જોખમઃ ચોમાસા પર તોળાતો ખતરો અને મોંઘવારીની ભીતિ

### પેસિફિક મહાસાગરના તાપમાનમાં ફેરફારથી દેશમાં દુષ્કાળનું સંકટ; છેલ્લા ૭૩ વર્ષના ડેટામાં એલ નીનો અને નબળા વરસાદ વચ્ચે ૬૦% સીધો સંબંધ હોવાનો ખુલાસો


**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભારતીય અર્થતંત્ર અને કરોડો નાગરિકોની આજીવિકા જેની પર નિર્ભર છે તે ચોમાસું આ વર્ષે એક વૈશ્વિક ભૌગોલિક ઘટનાને કારણે ચિંતાનો વિષય બન્યું છે. પેસિફિક મહાસાગરમાં થતા તાપમાનના ફેરફાર એટલે કે 'એલ નીનો'ની અસરોને લીધે ભારતીય ચોમાસા પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે. પ્રતિષ્ઠિત બિઝનેસ મેગેઝિન 'ફોર્બ્સ ઈન્ડિયા'ના તાજેતરના અહેવાલમાં રજૂ કરાયેલા ઐતિહાસિક આંકડાઓ દર્શાવે છે કે જ્યારે પણ પેસિફિક સમુદ્ર ગરમ થાય છે, ત્યારે ભારતમાં નબળા વરસાદને કારણે ભયંકર મોંઘવારી અને દુષ્કાળની સ્થિતિ સર્જાય છે.

વર્ષ ૧૯૫૧ થી ૨૦૨૪ દરમિયાનના છેલ્લા ૭૩ વર્ષના હવામાન વિભાગના ડેટાનું વિશ્લેષણ કરતાં ભારત માટે લાલબત્તી સમાન ચિત્ર સામે આવ્યું છે. આ સમયગાળા દરમિયાન ભારતે કુલ ૧૬ વખત એલ નીનો વર્ષોનો સામનો કર્યો છે, જેમાંથી ૧૦ વર્ષ એવા હતા જ્યારે દેશમાં તીવ્ર દુષ્કાળ જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. આ આંકડા સ્પષ્ટ કરે છે કે એલ નીનો અને ભારતમાં ઓછા વરસાદ વચ્ચે ૬૦ ટકાથી વધુનો સીધો સંબંધ છે. આ વર્ષો દરમિયાન દેશમાં સરેરાશ વરસાદ સામાન્ય કરતા ૭% થી લઈને ૨૦% સુધી ઓછો નોંધાયો હતો, જેના લીધે જળાશયોના તળિયા દેખાઈ ગયા હતા.

ભારતમાં મોટાભાગની ખેતી વરસાદ આધારિત હોવાથી એલ નીનોના આંકડા સીધા રસોડાના બજેટને અસર કરે છે. પૂરતું પાણી ન મળવાને કારણે ડાંગર, કઠોળ, શેરડી અને તેલીબિયાં જેવા ખરીફ પાકોના ઉત્પાદનમાં મોટો ઘટાડો થાય

અનુ પાના નં.૨ પર



### અંબાલાલ પટેલની નવી આગાહીઃ ૨૦ જુલાઈથી રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય થશે

અંબાલાલ પટેલે આગાહી કરી છે કે આગામી ૨૦ જુલાઈથી બંગાળના ઉપસાગરમાં સક્રિય થનારી નવી સિસ્ટમના પ્રભાવથી ગુજરાતમાં ચોમાસું ફરી ધમધમતું થશે. ખાસ કરીને ૨૨થી ૩૦ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તર-મધ્ય ગુજરાત અને કચ્છ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદી માહોલ જામશે, જે લાંબા સમયથી ખેંચાયેલા વરસાદ વચ્ચે ખેડૂતો માટે રાહતના સમાચાર લાવશે.

## ૧૫ હજાર કરોડનો પ્રોજેક્ટ, ચીનની ગતિવિધિઓ પર નજર... ભારત બનાવશે હાઈ ઑલ્ટિટ્યુડ એરશિપ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભારતે ૨૦ કિલોમીટરથી વધુની ઊંચાઈએ ઉડી શકે તેવા સ્વદેશી હાઈ ઑલ્ટિટ્યુડ એરશિપ બનાવવાની મહત્ત્વાકાંક્ષી યોજના શરૂ કરી છે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ અંદાજે ૧૫,૦૦૦ કરોડ રૂપિયા થશે. તેનો મુખ્ય હેતુ લાંબા સમય સુધી દેખરેખ, ગુપ્ત માહિતી એકત્રિત કરવા અને સંદેશાવ્યવહાર વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો છે. આ પ્રોજેક્ટ ભારતીય વાયુસેનાના ડાયરેક્ટોરેટ ઑફ ઓપરેશન્સ (રિમોટ)ની દેખરેખ હેઠળ ચલાવવામાં આવી રહ્યો છે. તેને સંરક્ષણ મંત્રાલયની 'મેક-ઈ' યોજના અંતર્ગત વિકસાવવામાં આવશે, જેમાં સરકાર સંશોધન અને વિકાસ ખર્ચના ૭૦ ટકા સુધીનો હિસ્સો ભોગવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ એરશિપને 'એરશિપ-બેઝ્ડ હાઈ ઑલ્ટિટ્યુડ સ્યુડો સેટેલાઈટ' નામ આપવામાં આવ્યું છે. તે ૨૦ કિલોમીટરથી વધુની



ઊંચાઈએ સતત કેટલાક મહિનાઓ સુધી ઉડવા માટે સક્ષમ હશે. આ એરશિપમાં રડાર, હાઈ-રિઝોલ્યૂશન કેમેરા અને ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ સિસ્ટમ જેવા આધુનિક સેન્સર લગાવવામાં આવશે, જે દુશ્મનની ગતિવિધિઓ પર સતત નજર રાખશે.

આ સિસ્ટમ ડ્રોન અને સેટેલાઈટ વચ્ચેની ક્ષમતાના અંતરને દૂર કરશે. સામાન્ય સૈન્ય ડ્રોન આશરે ૧૨ કિલોમીટરની ઊંચાઈ સુધી ઉડે છે, અને લો-અર્થ

અનુ પાના નં.૨ પર

## અંબાજી મંદિરમાં લાંબા સમયથી ચાલતી 'દાન ચોરી'નો પર્દાફાશઃ ગણતરીકારનો વાયરલ વિડિયો



**સમય સંદેશઃ અમદાવાદ**

રાજ્યના સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી મંદિરમાં દાનપેટીમાંથી થયેલી લાખો રૂપિયાની ચોરી અંગે એક મોટો ખુલાસો થયો છે. તાજેતરમાં સામે આવેલા CCTV ફૂટેજ મુજબ, આ ચોરી કોઈ એક દિવસની નહિ પરંતુ લાંબા સમયથી ચાલતી સુનિયોજિત ગતિવિધિ હોવાની આશંકા છે. ૨૧ એપ્રિલ ૨૦૨૬ ના વાયરલ થયેલા આ ફૂટેજમાં દાનની ગણતરી વિભાગનો કર્મચારી અને મુખ્ય આરોપી ચિરાગ ઠાકોર ખૂબ જ ચાલાકીથી નોટોના બંડલ પગ નીચે છુપાવીને પોતાના પાયજામામાં સરકાવતો સ્પષ્ટ જોઈ શકાય છે.

ગયા મહિને ૭ મેના રોજ જ્યારે દાનની ગણતરી ચાલી રહી હતી ત્યારે ચિરાગ ઠાકોરના કપડાંમાંથી નોટો નીચે પડી જતા ૧.૦૪ લાખ રૂપિયાની ચોરીનો ભાંડો ફૂટ્યો હતો. આ પ્રકરણમાં ચિરાગ ઉપરાંત મંદિરના બે ટેકનિકલ કર્મચારીઓ વિવેક શર્મા અને નિકુંજ પટેલના નામ પણ ખૂલ્યા હતા, જેમના પર CCTV સિસ્ટમ સાથે છેડછાડ કરવાનો ગંભીર આરોપ છે. આશ્ચર્યની વાત એ છે કે મે મહિનામાં જ્યારે ચોરી પકડાઈ ત્યારે ભંડારગૃહના ઈઈઝટ કેમેરા રહસ્યમય રીતે બંધ હતા.

જોકે, પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી પરંતુ હાલ તેઓ જામીન પર મુક્ત છે. એપ્રિલ મહિનાના નવા ફૂટેજ સામે આવતા સ્થાનિક લોકોમાં રોષ છે અને એવી માંગ ઉઠી છે કે છેલ્લા એક વર્ષના તમામ CCTV ફૂટેજની ઝીણવટભરી તપાસ કરવામાં આવે તો લાખો રૂપિયાના મોટા કૌભાંડનો પર્દાફાશ થઈ શકે છે. આ ઘટનાએ મંદિરની સુરક્ષા અને મોનિટરિંગ સિસ્ટમ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

## દિલ્હી રમખાણોમાં અંકિત શર્મા હત્યા કેસઃ તાહિર હુસૈન સહિત પાંચ દોષી જાહેર થતાં ભાજપના કેજરીવાલ પર આકરા પ્રહારો

### 'આપ'ના પૂર્વ કાઉન્સિલર તાહિર હુસૈનને કેજરીવાલનું રાજકીય સંરક્ષણ હતું; હિન્દુ વિરોધી કાવતરા હેઠળ આ જઘન્ય હત્યા કરાઈ હોવાનો ભાજપનો ગંભીર આરોપ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

વર્ષ ૨૦૨૦ના દિલ્હી રમખાણો દરમિયાન ઈન્ટેલિજન્સ બ્યુરોના અધિકારી અંકિત શર્માની નિર્મમ હત્યાના કેસમાં કોર્ટે આમ આદમી પાર્ટીના પૂર્વ કાઉન્સિલર તાહિર હુસૈન સહિત પાંચ આરોપીઓને દોષી જાહેર કર્યા છે. આ ચુકાદા બાદ દેશમાં મોટું રાજકીય ઘમાસાણ શરૂ થયું છે. ભારતીય જનતા પાર્ટીએ કોર્ટના આ નિર્ણયનું સ્વાગત કરીને આમ આદમી પાર્ટીના કન્વિનર અરવિંદ કેજરીવાલ અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે, મુખ્ય આરોપી તાહિર હુસૈન તત્કાલીન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઈશારે જ કામ કરતો હતો અને તેને આપ સરકારનું પૂર્ણ 'રાજકીય સંરક્ષણ' પ્રાપ્ત હતું.

ભાજપે કેજરીવાલને આ જઘન્ય હત્યાકાંડના સહ-આરોપી ગણાવતા સવાલ કર્યો છે કે દિલ્હી રમખાણોમાં અંકિત શર્મા સહિત ૬૦થી વધુ નિર્દોષ નાગરિકોના મોત પર તત્કાલીન મુખ્યમંત્રી કેમ મૌન રહ્યા અને કેમ બાદમાં આ સમગ્ર મામલા પર પડદો નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ભાજપના પ્રવક્તાએ અદાલતની ટિપ્પણીઓને ટાંકીને જણાવ્યું કે, અંકિત શર્માના શરીર પર ચપ્પુના ૫૧ ઘા ઝીંકવામાં આવ્યા હતા, જે દર્શાવે છે કે આ હત્યા પૂર્વનિયોજિત હિન્દુ વિરોધી કાવતરાનો ભાગ હતી. ભાજપે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનના એ નિવેદન પર પણ તીખો વાંધો વ્યક્ત કર્યો જેમાં તેમણે કોર્ટના નિર્ણયને 'કમનસીબ' ગણાવ્યો હતો. ભાજપે આક્ષેપ કર્યો છે કે વોટ બેંકની ગંદી રાજનીતિ માટે રમખાણખોરોની પડખે ઊભા રહેવું એ જ આમ આદમી પાર્ટીનું અસલી ચરિત્ર છે.

## હોર્મુઝની મોકાણઃ ખાડીમાં ભારતના ૭ જહાજો ફસાયા, મિસાઈલ હુમલામાં ભારતીય નાવિકના મોત બાદ ભારતે ઈરાનને પાઠવ્યું સમન્સ



### UAEના બે ઓઈલ ટેન્કરો પર ઈરાની ક્રૂઝ મિસાઈલ હુમલામાં ૧ ભારતીયનું મોત અને અન્ય ૬ ઘાયલ; ભારતીય વિદેશ મંત્રાલયે ઈરાનના ડેપ્યુટી ચીફ ઓફ મિશનને હાજર રાખી કડક વિરોધ નોંધાવ્યો

**સમય સંદેશઃ નવીદિલ્હી**

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય તણાવની સીધી અને ગંભીર અસર હવે આંતરરાષ્ટ્રીય શિપિંગ પર દેખાઈ રહી છે. વ્યુહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝ સામુદ્રધુનીમાં સ્થિતિ સ્ફોટક બનતા ફારસની ખાડીમાં ભારતીય ધ્વજ ધરાવતા ૭ વ્યાપારી જહાજો અને તેના પર સવાર આશરે ૧૪૮ ભારતીય નાવિકો ફસાયા છે. આ જહાજો હાલ તણાવ હળવો થવાની રાહ જોઈને સુરક્ષિત સ્થાને રોકાયા છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે ઓમાનની જળસીમા નજીક હોર્મુઝ સ્ટ્રેટમાં યુએઈના બે ઓઈલ ટેન્કરો- 'MT અલ બહાહ' અને 'MT મોમ્બાસા B' પર ઈરાની ક્રૂઝ મિસાઈલો દ્વારા ઘાતક હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ટેન્કર પર સવાર ચાલક દળના ૧ ભારતીય નાવિકનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ૮ નાવિકો ઘાયલ થયા છે (જેમાં ૬ ભારતીય અને ૨ યુક્રેનિયન સામેલ છે). ઘાયલો પૈકી ૪ લોકોની સ્થિતિ અત્યંત ગંભીર છે. આ અગાઉ સાયપ્રસના જહાજ 'GFS ગેલેક્સી' પર થયેલા હુમલા બાદ પણ એક ભારતીય ક્રૂ મેમ્બર હજુ સુધી ગુમ છે. આ જીવલેણ હુમલા અને ભારતીય નાગરિકના મોતના પગલે ભારત સરકારે અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયે નવી દિલ્હીમાં કાર્યરત ઈરાનના ડેપ્યુટી ચીફ ઓફ મિશન મોહમ્મદ જવાદ હોસૈની સહિતના રાજદ્વારીઓને

અનુ પાના નં.૨ પર

## ૧૬ વર્ષથી નાના વિદ્યાર્થીઓ માટે સોશિયલ મીડિયા-AIના ઉપયોગ પર નિયંત્રણની તૈયારી

**સમય સંદેશઃ ગાંધીનગર**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના ૧૬ વર્ષથી ઓછી વયનાં બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધના નિર્ણયને સમર્થન આપ્યા બાદ ગુજરાત સરકાર પણ રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે સોશિયલ મીડિયા તથા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગને નિયંત્રિત કરવા માટે નીતિનો પ્રારંભિક ડ્રાફ્ટ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે.

રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં વધતા સ્ક્રીન ટાઈમ અને અંઈ પર વધતી નિર્ભરતા તેમના માનસિક તેમજ શૈક્ષણિક વિકાસને અસર કરી રહી હોવાની ચિંતાને ધ્યાનમાં રાખીને આ કવાયત હાથ ધરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ સરકારની વિચારણા માત્ર

અનુ પાના નં.૨ પર

## પાકિસ્તાની ક્રિકેટરો અને ડેલિગેશન ભારતમાં ડ્રગ્સની હેરાફેરી કરતા હતાઃ ગૃહ મંત્રાલયના પૂર્વ અંડર સેક્રેટરીનો સનસનાટીભર્યો ખુલાસો

### શોએબ અખ્તર અને મોહમ્મદ આસિફે પાક. હાઈ કમિશનર સામે ડ્રગ્સ લાવ્યા હોવાની વાત સ્વીકારી હતી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પૂર્વ અંડર સેક્રેટરી આરવીએસ મણિએ એક ખાનગી પોડકાસ્ટમાં પાકિસ્તાની ક્રિકેટરો અને સત્તાવાર ડેલિગેશનને લઈને એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. વર્ષ ૨૦૦૬થી ૨૦૧૦ દરમિયાન ગૃહ મંત્રાલયના આંતરિક સુરક્ષા ડિવિઝનમાં કાર્યરત રહેલા નિવૃત્ત અધિકારીએ દાવો કર્યો છે કે, પાકિસ્તાની ક્રિકેટ ટીમ અને ત્યાંના ડેલિગેશન જ્યારે પણ ભારત પ્રવાસે આવતા હતા, ત્યારે તેઓ પોતાના વ્યક્તિગત વપરાશ માટે નહીં પરંતુ મોટા પાયે ડ્રગ્સની હેરાફેરી (ડ્રગ્સ ટ્રાફિકિંગ) કરવા માટે ડ્રગ્સનો જથ્થો સાથે લાવતા હતા. આ સમગ્ર નેટવર્ક પાછળ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈનો સીધો હાથ હતો અને તેના પુરાવા તરીકે શોએબ અખ્તર તથા મોહમ્મદ આસિફ જેવા હાઈ પ્રોફાઈલ ક્રિકેટરોએ પાકિસ્તાની હાઈ કમિશનરની સામે પોતે ડ્રગ્સ લાવ્યા હોવાની કબૂલાત પણ કરી હતી, જેના આધારે તેમને પરત મોકલી દેવાયા હતા. આરવીએસ મણિએ

અનુ પાના નં.૨ પર

## કેન્દ્રીય કર્મચારીઓ માટે ખુશખબરઃ મોંઘવારી ભથ્થામાં ૩ થી ૪ ટકાનો વધારો અને ૫ મહિનાના એરિયર્સની શક્યતા

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્ર સરકારના લાખો કર્મચારીઓ અને પેન્શનધારકો માટે ટૂંક સમયમાં મોટા સારા સમાચાર આવી શકે છે. સામાન્ય રીતે દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈમાં સુધારાતા મોંઘવારી ભથ્થાની જાહેરાતમાં આ વર્ષે વિલંબ થયો હોવાથી, સરકાર ઓક્ટોબરના અંતમાં અથવા નવેમ્બરમાં તેની સત્તાવાર જાહેરાત કરે તેવી સંભાવના છે. જો આમ થશે તો કર્મચારીઓને જુલાઈથી નવેમ્બર સુધીનું એટલે કે અંદાજે ૫ મહિનાનું એરિયર્સ એકસાથે ચૂકવવામાં આવી શકે છે. મોંઘવારી ભથ્થાની ગણતરી ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના આધારે થાય છે, જે મે ૨૦૨૬માં વધીને ૧૫૦.૮ પર પહોંચ્યો છે. જૂન મહિનાના સત્તાવાર આંકડા બાદ આ ઈન્ડેક્સ ૧૫૧.૭ સુધી પહોંચવાના અનુમાન સાથે આ વખતે મોંઘવારી

અનુ પાના નં.૨ પર

## અષાઢી બીજ પૂર્વે રાજવી જામસાહેબનો પ્રજાવત્સલ સંદેશ

### નાદુરસ્ત તબીયત વચ્ચે પણ પ્રજાજનો પ્રત્યે વ્યકત કર્યો અતૂટ સ્નેહઃ મીઠું મોઢું કરવા નિવાસ સ્થાને પધારવા સૌને આમંત્રણ

**સમય સંદેશઃ જામનગર**

હાલારી નવા વર્ષના પાવન પર્વ અષાઢી બીજ નિમિત્તે નવાનગરના પૂર્વ રાજવી જામસાહેબ શ્રી શત્રુશલ્યસિંહજી જાડેજા દ્વારા હાલારી પ્રજાજનોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.



જામસાહેબે પોતાના સંદેશમાં જણાવ્યું છે કે અષાઢી બીજ હાલારી પ્રજાનું નવવર્ષ છે, અને આ પવિત્ર અવસરે તેઓ તમામ પ્રજાજનોના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે શુભકામનાઓ વ્યક્ત કરે છે. તેમણે જણાવ્યું કે નાદુરસ્ત તબિયતને કારણે તેઓ આ વર્ષે વ્યક્તિગત રીતે કોઈને મળી શકશે નહીં, જેનો તેમને ખેદ છે. તેમણે પ્રજાજનોને વિનંતી કરી છે કે પોતાની અનુકૂળતા મુજબ તેમના નિવાસસ્થાને પધારી મીઠું મોઢું કરી નવા વર્ષની શુભેચ્છાઓ સ્વીકારે. આ પ્રસંગે પ્રજાજનોનો સ્નેહ અને લાગણી તેમને હંમેશાની જેમ આનંદ આપશે, તેમ તેમણે જણાવ્યું છે.

જામસાહેબે માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી છે કે સમગ્ર હાલાર પ્રદેશ પર સુખ, શાંતિ અને સમૃદ્ધિના આશીર્વાદ વરસે તેમજ તેમને પણ પ્રજાની સેવા કરવાનો સતત અવસર અને શક્તિ પ્રાપ્ત થાય. અંતમાં તેમણે ''જય માતાજી'' ના ઉદઘોષ સાથે તમામ હાલારી પ્રજાજનોને અષાઢી બીજ અને હાલારી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે.


## તંત્રી સ્થાનેથી..

# સાંપ્રદાયિક સૌહાર્દમાં ખલેલ !

રાજ્યમાં સાંપ્રદાયિક અથડામણો, આતંકવાદી હુમલાઓ અને વિરોધ પ્રદર્શનોના અહેવાલો સામાન્ય છે. ગયા રવિવારે સાંજે, કાંગપોકપી જિલ્લાના થિંગખોંગજાંગમાં એક ગામ પર એક સશસ્ત્ર જૂથે હુમલો કર્યો હતો, જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. આવી ઘટનાઓ રાજ્યમાં સાંપ્રદાયિક સૌહાર્દને ચોક્કસપણે ખલેલ પહોંચાડી રહી છે, પરંતુ પ્રશ્ન એ રહે છે કે સરકારની નીતિઓ સુરક્ષા અને શાંતિ જાળવવામાં કેમ બિનઅસરકારક સાબિત થઈ રહી છે. હિંસક ઘટનાઓના પીડિતોને ઝડપથી ન્યાય અપાવવા અને વંશીય મતભેદોનો કાયમી ઉકેલ શોધવામાં સરકાર તરફથી ગંભીરતાનો અભાવ કેમ છે? સ્થાનિક લોકોને વિશ્વાસમાં ન લેવામાં આવે ત્યાં સુધી સમસ્યાનો ઉકેલ આવી શકશે નહીં. કારણ કે ચારે બાજુ દહેશતનો માહોલ હતો, જે હજુ પણ છે. આ વખતે જે ફરી વખત હિંસા ભડકી એની પાછળનું કારણ એ છે કે મૈતેઈ સમુદાયના લોકોની દુકાનો અન્ય જનજાતિના લોકો બંધ કરાવતા હતા. એને કારણે વેપાર ધંધાના સ્થળ પર જ અથડામણો શરૂ થઈ ગઈ હતી, જે જોતજોતામાં નવેસરથી આખા મણિપુરમાં ફેલાઈ ગઈ છે. છેલ્લા ત્રણ દિવસમાં મણિપુરમાં અનેક મકાનોને ફરીવાર આગ ચાંપવામાં આવી છે. તોફાનીઓના ટોળા ઈમ્ફાલની શેરીઓમાં ભૂતાવળની જેમ ફરી રહ્યા છે. કેન્દ્રના ગૃહપ્રધાનનું હવે મણિપુર તરફ ધ્યાન ગયું છે, એટલે પરિસ્થિતિ પર તબક્કાવાર અંકુશ આવવાની સંભાવના છે. આમ તો પૂર્વ ભારતના સાતેય રાજ્યોમાં ભાજપે જેટલું ધ્યાન આપ્યું છે એવું ખુદ વાજપેયીની કે જનતા પક્ષની અપવાદરૂપ સરકારો પણ અગાઉ ધ્યાન આપી શકી ન હતી. પૂર્વોત્તરની સેવન સિસ્ટર્સ મોદીને મા જણી બહેન જેટલી વહાલી છે. મણિપુરમાં અત્યારે ભાજપની સરકાર છે. રાજ્યના એક જમાનાના લોકપ્રિય ફૂટબોલ ખેલાડી અને પછીથી વરિષ્ઠ પત્રકાર એવા મિસ્ટર બિરેન સિંહ મુખ્યમંત્રી છે પરંતુ સંયોગો જ એમને ફૂટબોલના દડાની જેમ આમ થી તેમ ફંગોળી રહ્યા છે. મણિપુરની આ સમસ્યાની ખરેખર શરૂઆત ત્યારથી થઈ જ્યારે મણિપુર હાઈકોર્ટે રાજ્ય સરકારને એક વિશિષ્ટ પ્રકારની સૂચના આપી. અદાલત ધારે તો હુકમ પણ કરી શકતી હતી, પરંતુ સંવેદનશીલ મામલો હોવાને કારણે અને સંબંધિત નિર્ણય બંધારણ પ્રમાણે ચૂંટાયેલી પાંખ દ્વારા લેવાય તો વધુ યોગ્ય ઠરે અને ચિરંજીવી નીવડે એમ માનીને કદાચ મણિપુર હાઈકોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિઓએ રાજ્ય સરકારને અનુરોધ કર્યો કે તે મૈતેઈ સમુદાયને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાની દસ વર્ષ જૂની ડિમાન્ડ પર ફરીવાર વિચાર કરે.



# હાલારના હાલહવાલ



# માઈભક્તોમા ભારે ઉત્સાહ વચ્ચે મીઠાપુરમા શ્રી આશાપુરા માતાજીનાં મંદિરે ભવ્ય પાટોત્સવ હવનનું આયોજન

**સમય સંદેશઃ મીઠાપુર (બુધાભા ભાટી દ્વારા)**

યાત્રાધામ દ્વારકા નજીક આવેલા મીઠાપુર ખાતે બિરાજમાન શ્રી આશાપુરા માતાજીના મંદિરે આગામી દિવસોમાં ભવ્ય પાટોત્સવ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક ઉત્સવ અંતર્ગત માતાજીનાં સાનિધ્યમાં પવિત્ર હોમાત્મક હવન અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે, જેને લઈને મીઠાપુર અને આસપાસના વિસ્તારનાં માઈભક્તોમાં અનેરો



આનંદ જોવા મળી રહ્યો છે. શ્રી આશાપુરા સેવા સમિતિ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમની વિગત મુજબ અષાઢ સુદ ત્રીજ, તા.૧૭ ને શુક્રવારનાં શુભ દિવસે સવારે ૯વાગ્યે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પાટોત્સવ હવનનો મંગલ પ્રારંભ થશે, ૧૦ વાગ્યે માતાજીનાં મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ વિધિ કરવામાં આવશે, જેમાં ભક્તો ધ્વજાજીના દર્શનનો લાભ લઈ શકશે, સાંજે ૬ વાગ્યે હવનની પૂર્ણાહુતિ રૂપે પરંપરાગત રીતે 'બીડું હોમવાનો' પવિત્ર પ્રસંગ યોજાશે. શ્રી આશાપુરા સેવા સમિતિ દ્વારા સર્વે માઈભક્તો, ગ્રામજનો અને ધર્મપ્રેમી જનતાને આ પાટોત્સવ હવનનાં પાવન પ્રસંગે ઉપસ્થિત રહી માતાજીના દર્શન તેમજ પ્રસાદનો લાભ લેવા માટે ભાવભર્યું હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જામખંભાળિયામાં શુક્રવારે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા યોજાશે

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં ઇસ્કોન સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી જગન્નાથ ભગવાનની રથયાત્રાનું ભવ્ય આયોજન આગામી શુક્રવાર તા. ૧૭ ના રોજ કરવામાં આવ્યું છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે રથમાં બિરાજમાન ભગવાન શ્રી જગન્નાથજીના માત્ર દર્શન કરવાથી જન્મ મૃત્યુના ચક્કરમાંથી મુક્તિ મળે છે. આ રથયાત્રાનો પ્રારંભ આગામી શુક્રવાર તા. ૧૭ જુલાઈના રોજ સાંજે સાડા પાંચ વાગ્યે થશે.

જે અહીં શ્રીજી સાનિધ્ય સોસાયટી, મહાપ્રભુજીની બેઠકજી પાસેથી થઈને આ રથયાત્રા શહેરના બેઠક રોડ, શારદા રોડ, જોધપુર ગેઈટ, પોસ્ટ ઓફિસ રોડ, નગર ગેઈટ, શ્રીજી શોપિંગ સેન્ટર, સ્ટેશન રોડ, નગર ગેઈટ થઈને નવી લોહાણા મહાજન વાડી ખાતે સંપન્ન થશે. જુદા જુદા રાજમાર્ગ ઉપર આ રથયાત્રાનું સ્વાગત-સન્માન કરવામાં આવશે. અંતમાં નવી લોહાણા મહાજન વાડી ખાતે રાત્રે ૮ વાગ્યે ભગવાન જગન્નાથજીની આરતી બાદ ભક્તો માટે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજન માટે અહીંના સેવાભાવી યુવાનો-કાર્યકરોને ટીમ દ્વારા નોંધપાત્ર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

# સગીરા ઉપર દુષ્કર્મના કેસમાં પરણીત યુવકને ૨૦ વર્ષની સજા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ધ્રોલ તાલુકાની ૧૬ વર્ષ અને બે માસની ઉંમરની સગીરાને ૨૧ વર્ષના બાબુ રાયમલભાઈ જખાનિયા દ્વારા ઈન્સ્ટાગ્રામ આઈડીમાં ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી બાદમાં પ્રેમજાળમાં ફસાવી સગીરા સાથે અવારનવાર શરીર સંબંધ બાંધીને તેણીને રાજકોટ અને ત્યાંથી સુરત મુકામે લઈ જઈને ત્યાં રૂમ ભાડે રાખી ભોગ બનનાર સાથે શરીર સંબંધ

બાંધ્યાની ફરિયાદ સગીરાના પિતાએ ધ્રોલ પોલીસ મથકમાં નોંધાવી હતી. તેથી પોલીસે દુષ્કર્મ, પોક્સો સહિતની કલમો હેઠળ આરોપીની ધરપકડ કરી હતી. આ કેસ અત્રેની પોક્સો અદાલતમાં ચાલી જતાં કેસના સરકારી વકીલ ભારતીબેન વાદીએ અદાલતમાં રજુ કરેલી દલીલમાં જણાવ્યું હતું કે, આરોપી પરણિત હોવા છતાં ભોગ બનનારને પાંચ માસનો ગર્ભ રાખી દીધેલો.

ગર્ભના ડીએનએ રિપોર્ટમાં આરોપી બાયોલોજીકલ પિતા તરીકે પણ સામે આવેલ છે. અદાલતે બંને પક્ષોને સાંભળીને સરકાર તરફે થયેલી રજુઆતો, મુકાયેલા પુરવા ગ્રાહ્ય ગણીને આરોપીને પોક્સોની કલમો હેઠળ ૨૦ વર્ષની જેલ સજા રૂ.૧૫ હજાર દંડ અને સરકારની વળતર યોજના હેઠળ સગીરાને વળતરનો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકારી વકીલ તરીકે ભારતીબેન વાદી રોકાયા હતાં.

# વસઈ નજીક વધુ એક ગંભીર અકસ્માત : બેકાબુ કારની ઠોકરે ૧૩ વર્ષની તરૂણીનું નિપજ્યું મોત

**સમય સંદેશઃ જામનગર**


જામનગર-ખંભાળિયા હાઈવે પર વસઈ ગામ નજીક ચોકલેટના કારખાના સામે વધુ એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી હતી. માર્ગ અકસ્માતમાં બેકાબૂ કારની ઠોકરે ૧૩ વર્ષની સગીરાનું મોત નીપજતા અરેરાટી મચી ગઇ છે. આ બનાવ અંગે પોલીસ મથકમાં પોલીસમાં ઇનોવા કારના ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી છે.

જામનગરના વસઇ ગામેં એક ખેડૂતની વાડીમાં રહી મજૂરી કામ કરતા મૂળ નરવાલી, મધ્યપ્રદેશના વતની ફરિયાદી અનિલભાઈ ગુમાનભાઈ મકવાણાની ફરિયાદ મુજબ, તેમની ૧૩ વર્ષની દીકરી રાધા તા. ૩૦ જૂનના રોજ સાંજે આશરે સાડા ચાર વાગ્યે રોડ ક્રોસ કરીને ચોકલેટના કારખાના તરફ ચાલી રહી હતી. તે દરમિયાન ઇનોવા કાર રજિસ્ટ્રેશન નંબર જીજે-૩૭-એબી-૧૬૪૮ના ચાલકે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી બાળકીને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં રાધાને માથાના ભાગે ગંભીર ઇજાઓ તેમજ શરીરે અન્ય ઇજાઓ પહોંચતાં તેને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે સિક્કા પોલીસ મથકમાં આરોપી સામે ગુનો નોંધાયો છે.

# ભાણવડમાં ભો - ટાંકામાં ખાબકેલા કદાવર આખલાનું દિલધડક રેસ્કયુ

**સમય સંદેશઃ ભાણવડ**



ભારવડ તાલુકા પંચાયત સામેના રહેણાક વિસ્તારમાં આજરોજ એક ચોંકાવનારો અકસ્માત સર્જાયો હતો. અહીં પાણીના ભોં-ટાંકાના માત્ર ૨/૨ ફુટના અત્યંત સાંકડા ઢાંકણામાંથી એક મહાકાય ધણખૂટ (આખલો) અંદર ખાબકયો હતો. ટાકાનું મોં નાનુ અને અને આખલો કદાવર હોવાથી તેને બહાર કાઢવો અશકય લાગતો હતો. આ ઘટનાની જાણ થતા જ એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના અશોકભાઈ ભટ્ટ તેમની ટીમ અને જેસીબી મશીન સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ટીમની ભારે જહેમત રંગ લાવી, અશોકભાઈ ભટ્ટ અને તેમની ટીમની કોઠાસૂઝ તથા નગરપાલિકાના જેસીબીની મદદથી કલાકોની ભારે મથામણ બાદ આ કદાવર આખલાને ટાકામાંથી સુરક્ષિત બહાર કાઢી લેવાયો હતો. ધણખૂટને બહાર કાઢતાની સાથે જ ટીમ દ્વારા સ્થળ પર જ તેની પ્રાથમિક સારવાર કરવામાં આવી હતી અને ત્યારબાદ તેને ત્યાં જ મુકત કરવામાં આવ્યો હતો.

# મોટા ભાડુકિયામાંથી ડિગ્રી વગર દવાખાનું ચલાવતો શખ્સ ઝડપાયો



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટાભાડુકીયા ગામે ગેરકાયદે રીતે કોઈપણ પ્રકારની મેડિકલ ડિગ્રી વગર એલોપેથી સારવાર આપતા બોગસ ડોક્ટરને કાલાવડ ગ્રામ્ય પોલીસે ઝડપી પાડી તેની સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.પોલીસે દવાઓ-સાધનો સહિત રૂ. ૧૭,૯૮૬નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી આગળ ધપાવી છે.

બોગસ ડોક્ટર મામલે બાતમીના આધારે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકના પીઆઈ એન.વી. આંબલિયાની સૂચના મુજબ નીકાવા પોલીસ સ્ટાફે પીએચસી નીકાવાના ફાર્માસિસ્ટ મોહનલાલ માવજીભાઈ ઠેસિયાને સાથે રાખી મોટાભાડુકીયા ગામે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પ્રવીણભાઈ પરસોતમભાઈ હીરપરા (ઉ.વ. ૫૦, રહે. મોટાભાડુકીયા, તા. કાલાવડ) કોઈપણ પ્રકારની માન્ય મેડિકલ ડિગ્રી વગર ગેરકાયદેસર રીતે દવાખાનું ચલાવતો હોવાનું સામે આવ્યું હતું. સ્થળ પરથી અલગ-અલગ કંપનીઓની એલોપેથી દવાઓ, મેડિકલ સાધનો અને રોકડ મળી કુલ રૂ. ૧૭,૯૮૬નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં આરોપી સામે ઇગજ કલમ ૧૨૫ તેમજ મેડિકલ પ્રેક્ટિશનર્સ એક્ટ, ૧૯૬૩ની કલમ ૩૦ અને ૩૩ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ફલ્લા નજીક હીટ એન્ડ રનની ઘટનામાં હડફેટે ચડેલ મહિલાનો વીડિયો વાયરલ

**સમય સંદેશઃ ફલ્લા**

ફલ્લા ગામ પાસે તા.૧૨ જુલાઈના રોજ સવારે ૫:૩૦ કલાકે કંચનબેન નારણભાઈ ધમસાણીયા રોડ ક્રોસ કરી રહ્યા હતા આ વખતે મહિલાને અકસ્માત નડયો હતો. મહિલા રસ્તો ક્રોસ કરવા માટે સુરક્ષિત તકની રાહ જોતા લગભગ અડધી મિનિટ સુધી ઊભા રહ્યા હતા. બાદમાં રોડ ક્રોસ કરતા આ વેળાએ પુરપાટ વેગે આવેલી કારના ચાલકે મહિલાને ટક્કર મારતા મહિલા હવામાં ફંગોળાયાં હતા અને રોડ પર પટકાતાં ગંભીર ઈજા પહોંચી હતી જેને લઇને આજુબાજુના દુકાનદારો અને વાહન ચાલકો દોડી આવતા બનાવ સ્થળે લોકોના ટોળા એકઠા થયા હતા. આથી ગંભીર રીતે ઇજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી.


## Change of name

I ASHMITA SURESH BUHECHA DO HEREBY CHANGE MY NAME FROM ASHMITABEN SURESH BUHECHA TO ASHMITA SURESH BUHECHA HENCE NOW ONWARDS I WILL BE KNOWN AS ASHMITA SURESH BUHECHA.

**Address:- BLOCK53/A KP SHAH WADI, RAMESHWAR NAGAR, JAMNAGAR**


## અનુસંધાન

### મોતના ત્રણ બનાવ

(પાના નં. ૪ થી આગળ)

લાલપુર પોલીસ અને કાલાવડ ફાયર બ્રિગેડની ટીમે ભારે શોધખોળ બાદ રાકેશનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. ચોમાસાની ઋતુમાં પ્રવાસીઓને અજાણ્યા અને ઊંડા પાણીમાં ન ઉતરવા તંત્ર દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે.

### એક્ટિવામાં દારૂ

(પાના નં. ૪ થી આગળ)

ખુંભીયા (ઉં.વ. ૨૭)ને પોલીસે પકડી પાડી તેના સ્કુટરની તલાસી લેતા ૧૦,૫૦૦ રૂપિયાની કિંમતના દારૂના ૩૫ ચપટા મળી આવ્યા હતા. પોલીસે એક એક્ટિવા મળી કુલ રૂ. ૫૦,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે પોલીસે પ્રોહિબિશન અધિનિયમની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી) અને ૯૮(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વધુ ૬૧૨ આવાસ

(પાના નં. ૪ થી આગળ)

નિતિ સાથે કેટલાક કોમર્શિયલ ધોરણના ટાવરો ઉભા કરવા તંત્રએ ૩ વખત ટેન્ડરો બહાર પાડયા પરંતુ કોઈ લેવાલ થયું નથી. ત્યારે હવે મહાનગરપાલિકાનું તંત્ર બાકી રહેલા ૬૧૨ આવાસો પણ દુર કરશે. તંત્ર જણાવે છે કે, આ માટે આખરી નોટીસ આપી દીધાને પણ લાંબો સમય થઈ ચુક્યો છે. હવે કાર્યવાહી થવાનું મહદ અંશે નિશ્ચિત છે.

### જૂગારધામ પર

(પાના નં. ૪ થી આગળ)

ખીમા રાણા પારીયા, વિશાલ શાંતિલાલ દાવડા, શાંતિલાલ ઓધવજી આરંભડિયા અને અશોક નાથાલાલ ઠાકર નામના સાત શખ્સોને દબોચી લીધા હતા. આ દરોડા દરમિયાન પોલીસે રૂમ૪,૨૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૩૦,૫૦૦ ની કિંમતના છ નંગ મોબાઈલ ફોન તથા એક ઈક્કો મોટરકાર અને એક એક્ટિવા મળી કુલ રૂપિયા ૨,૩૪,૭૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### ગ્રીન સિટી

(પાના નં. ૩ થી આગળ)

સુવિધાઓની યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવી જોઈએ, જેથી આવી સમસ્યાઓ સર્જાય નહીં.તંત્રને તાત્કાલિક ગટર લાઇનનું યોગ્ય સમારકામ કરી રસ્તા પર વહેતું ગંદુ પાણી બંધ કરવામાં આવે અને સમસ્યાનો કાયમી ઉકેલ ક્યારે લાવવામાં આવે છે. તેની રાહ સ્થાનિકો જોઈ રહ્યા છે.

### બાઈક રેસીંગ કરતાં

(પાના નં. ૩ થી આગળ)

પૂરપાટ ઝડપે રેસિંગ કરતા અલગ અલગ ચાર બાઈકર્સને ઝડપી લેવામાં આવ્યા હતા. આ શખ્સોની પોલીસે બાઈક ડીટેઈન કરી, દંડનીય કાર્યવાહી કરીને આ તમામને કાયદાનું ભાન કરાવ્યું હતું.

### એલ નીનોનું જોખમ

(પાના નં. ૧ થી આગળ)

છે, જેનાથી બજારમાં અનાજ અને શાકભાજીની અછત સર્જાતા ખાદ્ય ચીજોના ભાવ આસમાને પહોંચે છે. આ ઉપરાંત, ગ્રામીણ વિસ્તારોમાં ખરીદશક્તિ ઘટતાં તેની સીધી અસર ઓટોમોબાઈલ, એફએમસીજી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ જેવા ઔદ્યોગિક ક્ષેત્રો પર પણ પડે છે. આ પરિસ્થિતિ નીતિ નિર્માતાઓ માટે ગંભીર ચેતવણી સમાન છે કે ગ્લોબલ વોર્મિંગના આ યુગમાં હવે પરંપરાગત ખેતી પદ્ધતિઓ બદલીને જળ સંચય તરફ વળવું જ પડશે.

### ૧૫ હજાર કરોડ

(પાના નં. ૧ થી આગળ)

ઓર્બિટ સેટેલાઇટ્સ ૫૦૦ થી ૨,૦૦૦ કિલોમીટરની ઊંચાઈ પર કાર્ય કરે છે, જ્યારે આ એરશિપ તેમની વચ્ચે રહીને સતત દેખરેખની સુવિધા આપશે. તે જમીન પરથી સેટેલાઇટ સુધી ડેટા પહોંચાડવામાં પણ મદદરૂપ સાબિત થશે. સંરક્ષણ મંત્રાલય આ પ્રોજેક્ટ માટે ઓછામાં ઓછી બે ખાનગી કંપનીઓની પસંદગી કરશે. કંપનીઓની પસંદગી તેમની તકનીકી ક્ષમતા અને નાણાકીય મજબૂતીના આધારે કરવામાં આવશે. આ અગાઉ ભારતે મે ૨૦૨૫માં મધ્યપ્રદેશમાં DRDOની મદદથી આશરે ૧૭ કિલોમીટરની ઊંચાઈ પર એરશિપનું સફળ પરીક્ષણ કર્યું હતું.

આ ટેક્નોલોજીથી ભારતને ચીન અને અન્ય સરહદી વિસ્તારોમાં લાંબા સમય સુધી નજર રાખવાની મોટી ક્ષમતા મળશે. ચીન પહેલેથી જ હાઇ ઓલ્ટિટ્યુડ બલૂન અને એરશિપ ટેક્નોલોજી પર કામ કરી રહ્યું છે, અને તેના આવા બલૂન વિશ્વના અલગ-અલગ ભાગોમાં જોવા મળ્યા છે. આ સ્થિતિમાં ભારતનો આ પ્રોજેક્ટ વ્યૂહાત્મક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

### ૧૬ વર્ષથી નાના

(પાના નં. ૧ થી આગળ)

સોશિયલ મીડિયા પૂરતી મર્યાદિત નથી. બાળકોમાં સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગથી માનસિક સ્વાસ્થ્ય, એકાગ્રતા અને વર્તન પર થતી નકારાત્મક અસરો અંગે અનેક અભ્યાસ થઈ ચૂક્યા છે. તેની સાથે હવે વિદ્યાર્થીઓમાં AI આધારિત સાધનો પર વધતી નિર્ભરતા પણ સરકારની ચિંતાનો વિષય બની છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ AIનો અતિશય ઉપયોગ વિદ્યાર્થીઓની સ્વતંત્ર રીતે વિચારવાની, તર્ક કરવાની અને સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતાને અસર કરી રહ્યો છે. તેથી, તે મુદ્દાનો પણ માર્ગદર્શિકા તૈયાર કરતી વખતે વિસ્તારથી અભ્યાસ કરવામાં આવશે. અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આવા નિયંત્રણોના અમલીકરણમાં અનેક પડકારો છે. ખાસ કરીને ઘરે કોઈ વ્યક્તિગત મોબાઈલ અથવા અન્ય ઉપકરણ પર સોશિયલ મીડિયા બાળકો વાપરી રહ્યું છે કે પુખ્ત વ્યક્તિ, તેની અસરકારક દેખરેખ રાખવી સરળ નથી. તેથી અમલીકરણ માટેના તંત્ર અંગે ખૂબ જ વિચારપૂર્વક નિર્ણય લેવો પડશે.

### હોર્મુઝની મોકાણ

(પાના નં. ૧ થી આગળ)

તાત્કાલિક સમન્સ પાઠવી તલબ કર્યા હતા. ભારતે ઈરાનને સ્પષ્ટ અને કડક સંદેશ આપતા જણાવ્યું છે કે સમુદ્રી માર્ગો પર વ્યાપારી જહાજો અને સામાન્ય નાગરિકોને નિશાન બનાવીને કરવામાં આવતા આવા હુમલાઓ હવે જરાય ચલાવી લેવામાં નહીં આવે, અને આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર મુક્ત પરિવહન તાકીદે પુનઃ સ્થાપિત થવું જરૂરી છે.

### પાકિસ્તાની ક્રિકેટરો

(પાના નં. ૧ થી આગળ)

વધુમાં જણાવ્યું હતું કે, તે સમયે ડિફેન્સ ઇન્ટેલિજન્સ એજન્સીના આકલન મુજબ ભારતમાં થતા આતંકી હુમલાઓનું ૩૦ ટકા ફંડિંગ ડ્રગ્સ ટ્રાફિકિંગ દ્વારા થતું હતું અને ભારતમાં ડ્રગ્સ મોકલવું એ પાકિસ્તાનની સત્તાવાર સરકારી નીતિનો જ એક ભાગ રહ્યો છે. તેમણે વર્ષ ૨૦૦૭ના વર્લ્ડ કપ દરમિયાન પાકિસ્તાની ટીમના ઇંગ્લિશ કોચ બોબ વૂલ્મરના શંકાસ્પદ મોત અંગે પણ કડીઓ જોડતા કહ્યું કે, બોબ વૂલ્મર પાકિસ્તાનીઓ દ્વારા થઈ રહેલી આ ડ્રગ્સ હેરાફેરીનો વિરોધ કરી રહ્યા હતા, જેના કારણે જ જમૈકાની હોટેલમાં તેમની શંકાસ્પદ સંજોગોમાં હત્યા કરી દેવામાં આવી હતી. આ તમામ બાબતોના અનેક રિપોર્ટ્સ અને મૂવમેન્ટ રિપોર્ટ્સ આજે પણ ગૃહ મંત્રાલયમાં મોજૂદ છે, કારણ કે ઇન્ટેલિજન્સ બ્યુરો નું કામ માત્ર એલર્ટ કરવાનું છે અને આગળની કાર્યવાહી અન્ય વિભાગોની હોય છે.

### કેન્દ્રીય કર્મચારીઓ

(પાના નં. ૧ થી આગળ)

ભથ્થામાં ૩ થી ૪ ટકાનો વધારો થવાની પૂરેપૂરી આશા સેવાઈ રહી છે, જોકે અંતિમ નિર્ણય કેન્દ્રીય કેબિનેટની મંજૂરી બાદ જ લેવામાં આવશે.

બીજી તરફ, કેન્દ્રીય કર્મચારીઓ આતુરતાપૂર્વક આઠમા પગાર પંચની પણ રાહ જોઈ રહ્યા છે. સુત્રોના જણાવ્યા અનુસાર, આ આઠમું પગાર પંચ વર્ષ ૨૦૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા સુધીમાં પોતાની અંતિમ ભલામણો સરકારને સોંપી દેશે. આ નવી જોગવાઈઓ જાન્યુઆરી ૨૦૨૬થી લાગુ થવાની સંભાવના હોવાથી કર્મચારીઓના મૂળ પગારમાં પણ જબરદસ્ત વધારો જોવા મળશે.

# અમદાવાદમાં ૧૬મી જુલાઈએ ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાઃ સુરક્ષા માટે ખલાસીઓનું થશે 'આધાર ઈનેબલ એપ'થી વેરિફિકેશન

**સમય સંદેશઃ અમદાવાદ**

અમદાવાદમાં આગામી ૧૬મી જુલાઈના રોજ અષાઢી બીજના પાવન પર્વે ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક રથયાત્રા યોજાવા જઈ રહી છે, જેને લઈને સુરક્ષા વ્યવસ્થાને અત્યંત ચુસ્ત અને હાઈટેક બનાવવા પોલીસ પ્રશાસન સજ્જ બન્યું છે. આ વર્ષે સુરક્ષાના ભાગરૂપે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામના રથ ખેંચનારા તમામ ખલાસીઓનું 'આધાર ઈનેબલ એપ' દ્વારા વિશેષ ડિજિટલ વેરિફિકેશન કરવામાં આવશે, જે પૂર્ણ થયા બાદ જ તેઓને બારકોડવાળા ઓળખપત્ર આપવામાં આવશે. આ ઉપરાંત, રથયાત્રાના સમગ્ર રૂટ અને ત્રણેય રથોની સુરક્ષા માટે કુલ ૧૦૦ ડ્રોનમાંથી ૩૫ વિશેષ ડ્રોન અને જીપીએસ સિસ્ટમ દ્વારા કંટ્રોલ રૂમથી સતત લાઇવ મોનિટરિંગ કરવામાં આવશે તેમજ રથો સાથે આધુનિક કેમેરાવાન અને વાયરલેસ સેટ કાર્યરત રહેશે. ભગવાનના ત્રણેય રથોની આસપાસ ભક્તોની ભારે ભીડને નિયંત્રિત કરવા અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે ખાસ 'પુશીંગ સ્ક્વોર્ડ' દ્વારા રથોને મજબૂત દોરડાથી કોર્ડન કરવામાં આવશે. આ સાથે જ દરેક રથની સુરક્ષા માટે એક આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ ઑફ પોલીસ, એક પોલીસ ઇન્સ્પેક્ટર તેમજ આગળ-પાછળ અને ડાબી-જમણી બાજુએ ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ ઑફ પોલીસ અને પીઆઈ કક્ષાના અધિકારીઓ તૈનાત રહેશે. સમગ્ર રથયાત્રા દરમિયાન ૧ ડીસીપી, ૨ ડીવાયએસપી અને ૨ પીઆઈ સહિતનો મોટો ઉચ્ચ પોલીસ કાફલો રથની સાથે પગપાળા ચાલીને સુરક્ષાની કમાન સંભાળશે જેથી રથયાત્રા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ શકે.

# કલ્યાણપુર પંથકના જીવાદોરી સમાન સાની ડેમનું કામ પૂર્ણતાને આરે

## આઠ વર્ષની લાંબી પ્રતિક્ષાનો અંતઃ દરવાજાનું સફળ ટેસ્ટીંગ કરાયુંઃ ડેમ ભરાતાં કલ્યાણપુર-દ્વારકાના ૧૨૦ ગામોને પીવાના અને સિંચાઈના પાણીનો મળશે લાભ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર અને દ્વારકા તાલુકાના લાખો લોકો તથા ખેડૂતો માટે આખરે વર્ષો બાદ હૃદયને ટાઢક આપતા સમાચાર સામે આવ્યા છે. કલ્યાણપુર તાલુકાના સૂર્યાવદર ગામની સીમમાં આવેલો અને સમગ્ર પંથકની જીવાદોરી સમાન ગણાતો સાની ડેમ આઠ વર્ષના લાંબા વિલંબ બાદ હવે પૂર્ણતાના અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે.

ડેમના જરૂરી સિવિલ અને ટેકનિકલ કામો મહદઅંશે પૂર્ણ થઈ ગયા છે. ડેમના દરવાજાનું પણ સફળતાપૂર્વક ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. આ સમાચાર મળતાં કલ્યાણપુર અને દ્વારકા પંથકના ખેડૂતો તથા સ્થાનિક લોકોમાં આનંદની લહેર પ્રસરી ગઈ છે. સાની ડેમના જૂના અને જર્જરિત માળખામાં અગાઉ ગંભીર આંતરિક ખામીઓ સર્જાઈ હતી. ચોમાસા દરમિયાન મોટા પ્રમાણમાં પાણીનું લીકેજ થતું હોવાથી ડેમ તૂટી પડવાનું જોખમ પણ ઊભું થયું હતું. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન જૂના ડેમના માળખાને સંપૂર્ણપણે તોડી પાડવાનો વહીવટી નિર્ણય લેવામાં આવ્યો હતો.

ત્યાર બાદ નવા ડેમનું નિર્માણકાર્ય શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ કુદરતી, ટેકનિકલ અને વહીવટી કારણોસર કામગીરીમાં સતત વિલંબ થતો રહ્યો હતો. પરિણામે અંદાજે આઠ વર્ષ સુધી ડેમ બિનકાર્યરત રહેતાં સમગ્ર પંથકના લોકોને પીવાના અને સિંચાઈના પાણીની મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

હવે ડેમનું નવનિર્માણ લગભગ પૂર્ણ થઈ જતાં વર્ષોની લાંબી પ્રતીક્ષાનો અંત આવ્યો છે. નવો સાની ડેમ સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત થયા બાદ કલ્યાણપુર અને દ્વારકા તાલુકાના આશરે ૧૨૦ ગામોના લાખો લોકોને પીવાના પાણીની સુવિધા મળશે. આ ઉપરાંત ખેડૂતોને સિંચાઈ માટે પણ પૂરતું પાણી મળી રહેવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. સાની ડેમ પાણીથી ભરાઈ જાય તો સમગ્ર પંથકની વર્ષો જૂની પાણીની સમસ્યાના કાયમી ઉકેલ તરફ મોટું પગલું સાબિત થઈ શકે છે. ડેમનું સિવિલ વર્ક પૂરું થઈ ગયું છે અને તંત્ર પણ જળસંગ્રહ માટે સજ્જ બન્યું છે.

જોકે ચાલુ વર્ષે કલ્યાણપુર પંથકમાં હજુ સુધી સીઝનનો નોંધપાત્ર વરસાદ પડ્યો નથી. વરસાદ ખેંચાતાં ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા છે. હવે સમગ્ર પંથકના ખેડૂતો અને લોકો આકાશ તરફ મીટ માંડીને મેઘરાજાના મંગલ આગમનની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે, જેથી નવનિર્મિત સાની ડેમ જળથી છલકાઈ ઊઠે અને લોકોની વર્ષો જૂની આશાઓ સાકાર થાય.

# જામનગરના રણજીત રોડ તેમજ બર્ધનચોક વિસ્તારમાં ટ્રાફિક ઝુંબેશ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના રણજીત રોડ, સુભાષ માર્કેટ તેમજ બર્ધન ચોક વિસ્તારમાં જાહેર માર્ગો પર રેંકડીવાળાઓ તેમજ પથારાના ધંધાર્થીઓ દ્વારા જાહેરમાં દબાણ કરી ધંધો કરતાં હોય, જેના લીધે રોજની ટ્રાફીક સમસ્યા સર્જાઈ છે. જેને લઈ આજરોજ જામનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ટ્રાફીકને નડતરરુપ રેંકડીઓ તેમજ પથારા અને માલસામાન જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીને લઈ ધંધાર્થીઓમાં દોડધામ થઈ ગઈ હતી. જો કે, આ કાર્યવાહી માત્ર નાટકસમાન હોય, તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. કારણ કે, આ કાર્યવાહી બાદ માત્ર ૨૪ કલાકમાં ફરી પાછા ધંધાર્થીઓ ગોઠવાઈ જતાં હોય છે. અગાઉ જામ્યુકોના પૂર્વમેયર અમીબેન પરીખ દબાણ હટાવની કાર્યવાહી સામે પોતે જાતે પગપાળા નિકળતાં હતાં. ત્યારે હાલના નવનિયુક્ત મેયર મોનીકાબેન પરીખે પણ આ અંગે ધ્યાન આપવાની તાતી જરૂર છે. તેમ લોકોની માંગણી છે.

# જામનગરમાં આવાસમાં ગેરકાયદે ભાડા પ્રવૃત્તિ મામલે રજૂઆત

## રહિશોની રજૂઆત બાદ તપાસ કરી જરૂરી કાર્યવાહી માટે તંત્ર દ્વારા અપાઈ ખાતરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની આવાસ યોજનાઓમાં ભાડુતોને ઘુસાડી દેવાની વ્યાપક ફરિયાદો છે. છતાં આવાસો બનાવનારા મહાનગરપાલિકાના તંત્ર અને જામનગર એરિયા ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ અને ફ્લેટ સીલીંગ અને ફ્લેટની ફાળવણી રદ કરવા જેવા કોઈ પગલા લેવાતા નથી. તે વાસ્તવિકતાને અનુરુપ એક આવાસ યોજનાના ફ્લેટ ધારકોએ મહાનગરપાલિકાના તંત્રને લેખિત ફરિયાદ કરી છે.

જેમાં તપાસ કરવા અધિકારીએ ખાતરી આપી.છે. સરુ સેક્શન રોડ ઉપર આવેલા મરઘા ઉછેર કેન્દ્ર પાસે આવેલી સંત કબીર પ્રધાનમંત્રી આવાસ યોજનાના એફ વીંગમાં રહેતા લોકોએ આજે મહાનગરપાલિકા ખાતે પહોંચીને કોર્પોરેશનના હાઉસીંગ સેલના ઈજનેરને મળીને લેખિત રજુઆત કરી હતી કે, તેઓની એફ વીંગમાં ભાડુતોની સંખ્યા વધી ગઈ છે. સંખ્યાબંધ લોકોએ પોતાને આવાસ યોજનાના ફ્લેટ લાગ્યા પછી ભાડે આપી દીધા છે. આ બ્લોકનું લાઈટ બીલ પણ ચડી ગયું છે. આવાસોના એસોસિએશનની એફડીની આવક ટુંકી પડવા લાગી છે. તેથી તમામ ઘર દીઠ રૂ.૩૦૦ માસિક ઉઘરાવવા નક્કી કરાયું હતું.

આ આવક પણ. વ્યવસ્થિત થતી હતી. અમુક ભાડુતો મેન્ટેનન્સની રકમ આપવામાં આનાકાની કરવામાં આવે છે. આમ થવાથી અન્ય ફ્લેટ ધારકોનું જીવન દુષ્કર થતું જાય છે. પોતાના આવાસો ભાડે આપનારા જે તે ફ્લેટધારકો સામે કડક પગલા લઈને અન્ય ફ્લેટ ધારકોને સમસ્યામાંથી મુક્તિ અપાવવા આવાસના રહિશોએ માંગણી કરી છે. તેમજ સાથે સાથે તંત્રને ભાડે અપાયેલા ફ્લેટની વિગતો આપી છે.

# જામનગર શહેરના ગ્રીન સિટી સામે કોમ્પ્લેક્ષમાંથી નિકળતા ગંદા પાણી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા એક તરફ આધુનિક વિકાસના દાવા વચ્ચે મૂળભૂત સુવિધાઓના અભાવે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

શહેરના રણજીત સાગર રોડ નજીક ગ્રીન સિટીની સામે આવેલ એક ભવ્ય કોમ્પ્લેક્સ વિકાસનું પ્રતીક બનીને ઉભો છે, પરંતુ તેની આસપાસની ગટર વ્યવસ્થાની અવ્યવસ્થાએ સમગ્ર વિસ્તારની સ્થિતિ બગાડી દીધી છે.

કોમ્પ્લેક્સમાંથી નીકળતું ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી સીધું જ મુખ્ય માર્ગ પર વહી રહ્યું છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ, વેપારીઓ અને રોજિંદા પસાર થતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ગટરનું ગંદુ પાણી સતત રોડ પર ફરી વળે છે. પરિણામે રસ્તો જાણે ગંદકીના નાળામાં ફેરવાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. દુર્ગંધ એટલી અસહ્ય બની ગઈ છે કે આસપાસ રહેતા લોકો માટે ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે.

રસ્તા પર ભરાયેલા ગંદા પાણી વરસાદી માહોલમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે, કારણ કે ગટરનું પાણી અને વરસાદી પાણી એકસાથે ભરાઈ જવાથી સમગ્ર માર્ગ પર અવરજવર મુશ્કેલ બની શકે છે. આરોગ્યની દ્રષ્ટિએ પણ આ સ્થિતિ ચિંતાજનક માનવામાં આવી રહી છે. ગંદા પાણીના સતત ભરાવાને કારણે મચ્છરો અને અન્ય જીવાતોનો ઉપદ્રવ વધવાની શક્યતા છે, જેના કારણે ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા તેમજ અન્ય પાણીજન્ય અને ચેપી રોગો ફેલાવાનો ભય સ્થાનિકોમાં જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવ્યું નથી. નવા કોમ્પ્લેક્સોને મંજૂરી આપતી વખતે ગટર અને ડ્રેનેજ જેવી આવશ્યક

અનુ પાના નં.૨ પર

# પ્રેમલગ્નની જૂની બાબતને લઈ પરિવારમાં માથાકૂટ થતાં પુત્રએ માતાને ફટકારી કુહાડી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના પીઠળ ગામે રહેતા સવિતાબેન રમેશભાઈ અઘારિયાએ પોતાના પુત્ર એવા સુનિલ રમેશભાઇ અઘારીયા અને પીન્ટૂબેન સુનિલભાઇ અઘારીયા (રહે.પીઠળ ગામ તા.જોડીયા જામનગર) સામે કરેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર ફરિયાદીના નાના પુત્ર કિશનભાઈએ પ્રેમલગ્ન કર્યા હતા. આ લગ્ન મોટા ભાઈ સુનિલભાઈને પસંદ ન હોવાથી બંને ભાઈઓ વચ્ચે લાંબા સમયથી અબોલા હતા.

પરિણામે કિશનભાઈ પત્ની મીરાબેન સાથે લગભગ બે મહિના પહેલાં ધ્રોલ રહેવા ચાલ્યા ગયા હતા. ગત ૧૨ જુલાઈની સાંજે કિશનભાઈ પત્ની અને સાસુ સાથે ઘરવખરીનો સામાન લેવા પીઠળ ગામે આવ્યા હતા. તે દરમિયાન સુનિલભાઈ અને તેમની પત્ની પીન્ટુબેન ત્યાં પહોંચી પ્રેમલગ્નનો ખાર રાખી કિશનભાઈ અને તેમની પત્નીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વચ્ચે પડી મામલો શાંત પાડવા ગયેલા માતા સવિતાબેન પર પુત્ર સુનિલભાઈએ હાથમાં રહેલી કુહાડી વડે હુમલો કરતાં તેમના કપાળ અને ડાબા કાન પાસે ગંભીર ઈજા થઈ હતી અને ટાંકા લેવા પડ્યા હતા. જ્યારે પીન્ટુબેને લાકડાના ધોકાથી રમેશભાઈના જમણા હાથમાં માર મારતા ફ્રેક્ચર જેવી ઈજા પહોંચી હતી.

ઉપરાંત કિશનભાઈને પણ ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. આ બનાવ અંગે જોડિયા પોલીસે સુનિલભાઈ રમેશભાઈ અઘારિયા અને તેમની પત્ની પીન્ટુબેન સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# શિક્ષણ સમિત્તિના કર્મચારીઓના મુદ્દે હાઈકોર્ટમાં અદાલતની અવમાનના અંગે ફરિયાદની તજવીજ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૪૭કર્મચારીઓને કાયમી કરવાના ૧૪ વર્ષથી ચાલી રહેલા કાનુની જંગમાં આખરે ૪૭ પૈકીના ૨૫ પટ્ટાવાળા કમ ચોકીદારો સાથે મ્યુ. તંત્ર અને કર્મચારીઓ વતી મજુર મહાજને નંઘએ કરેલા ૪૦ ટકા સેટલમેન્ટને -ાઈકોર્ટએ શિક્ષણ સમિતિની અપીલને -સ્પોઝ કરવા સાથે તા.૫-માર્ચ-જી૨૬ના રોજ મંજુરી આપી દેતાં ચ્ચીસ કર્મચારીને તંત્ર તરફથી ત્રણ કટકે રૂ.૧૦ કરોડ મળે તેવી આશા બંધાઈ હતી.

પરંતુ શાસનાધિકારીને સહિ કરવાના પાવર ન હોવાનો મુદ્દો ઉઠાવાયો હતો. આ ઉપરાંત રાજ્યના શિક્ષણ વિભાગ તરફથી પણ અભિપ્રાય એવો આવેલો કે, આ બાબતે નિર્ણય શહેરી વિકાસ વિભાગ લઈ શકે.

આમ કર્મચારીઓનું આ પ્રકરણ ફરી ગોટે ચડયું હતું.તેથી મજુર મહાજન સંઘના પંકજભાઈ જોષી જણાવે છે કે, કર્મચારીઓને કાયમી ગણી તેના હક્ક હિસ્સા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચુકવે તેવો ઔદ્યોગિક ટ્રીબ્યુનલે હુકમા કર્યો હતો.

તેની અમલવારી ન થઈ હોવાની જિલ્લા શ્રમ અધિકારી-ફરિયાદ કરી છે. જેમાં ન. પ્રા. શિ. સમિતિ સામે શો-કોઝ નોટીસ જારી થઈ રહી છે. આ ઉપરાંત હાઈકોર્ટની મંજુરી છતાં અમલવારી ન થવા મુ આજે તા.૧૩ના રોજ કન્ટેમ્પ્ટ ઓ હાઈકોર્ટની ફરિયાદ દાખલ કરવા પ્રક્રિયા અમે હાથ ધરી છે.

# જામનગરમાં વરસાદ માટે ઝુલેલાલ મંડળે ધાર્મિક યાત્રા કરી

**સમય સંદેશઃ જામનગર**

શ્રી ઝુલેલાલ મંડળ, જૂના રેલવે સ્ટેશન સ્થિત શ્રી ઝુલેલાલ મંદિરના ઉપક્રમે રવિવારના રોજ બાલાચડી ખાતે સિંધી સમાજના આરાધ્ય ઇષ્ટદેવ ભગવાન શ્રી ઝુલેલાલ (વરુણદેવ)ને પ્રસન્ન કરવા તથા રાજ્ય અને દેશભરમાં સારા વરસાદની કામના સાથે પરંપરાગત ધાર્મિક યાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે ૮:૦૦ કલાકે શ્રી ઝુલેલાલ મંદિર ખાતેથી બસ મારફતે યાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર યાત્રામાં સિંધી સમાજના ૫૦થી વધુ શ્રદ્ધાળુઓ ઉત્સાહભેર જોડાયા હતા. બાલાચડી ખાતે



તસવીરઃ હિરેન ગાંધી

પહોંચ્યા બાદ ભગવાન શ્રી ઝુલેલાલનું વૈદિક વિધિ મુજબ વિશેષ પૂજન-અર્ચન, ભવ્ય મહાઆરતી, બહેરાણા સાહેબની પવિત્ર જ્યોત, અખો તથા પલ્લવના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ત્યારબાદ ભક્તિમય વાતાવરણમાં પરંપરાગત પંજડા ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત ભાવિકોએ ભગવાન શ્રી ઝુલેલાલના ભજન-કીર્તન સાથે ભક્તિનો લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન મંદિર તરફથી તમામ શ્રદ્ધાળુઓ માટે ભંડારા (પ્રસાદ)નું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. યાત્રા દરમિયાન ભગવાન શ્રી ઝુલેલાલ સમક્ષ રાજ્ય અને દેશભરમાં સારો વરસાદ વરસે, જળાશયો છલોછલ ભરાય, ખેડૂતોના પાકને સમૃદ્ધિ મળે તેમજ સર્વત્ર સુખ, શાંતિ અને સમૃદ્ધિનું વાતાવરણ સર્જાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

શ્રી ઝુલેલાલ મંડળના આગેવાનોએ જણાવ્યું હતું કે વરસાદ માટે ભગવાન શ્રી ઝુલેલાલને રીઝવવાની આ પરંપરા વર્ષોથી અવિરત જળવાઈ રહી છે, જે સિંધી સમાજની અતૂટ આસ્થા, સાંસ્કૃતિક વારસા અને સામૂહિક એકતાનું જીવંત પ્રતિક છે.

# જામખંભાળિયા નજીક જાહેર માર્ગ બેફામ બાઈક રેસીંગ કરતાં ચાર શખ્સો ઝડપાયા



**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા ટ્રાફિક વિભાગના ઇન્ચાર્જ પી.એસ.આઈ. જે.બી. જાડેજા તેમજ તેમની ટીમ દ્વારા તાજેતરમાં ઓવર સ્પીડ તેમજ ભયજનક રીતે બાઈક રેસિંગ કરતા ચાર શખ્સોના એક વાઈરલ થયેલા વીડિયોને ધ્યાનમાં રાખીને ટ્રાફિક પોલીસની ટીમ દ્વારા આ અંગે તાકીદની કાર્યવાહી કરી, જાહેર માર્ગ પર ભયજનક રીતે અને

અનુ પાના નં.૨ પર

# શિક્ષણ સમિતિની શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા 'નિપુણ ગુજરાત' એપ્લિકેશનનું લોન્ચિંગ


## મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ યોજાયો કાર્યક્રમ, આગામી પરખ સર્વેક્ષણમાં શ્રેષ્ઠ પરિણામનો સંકલ્પ

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના 'નિપુણ ગુજરાત અભિયાન' અંતર્ગત જામનગર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. ધોરણ ૧ થી ૮ના ૧૩,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન અને ગણન કૌશલ્યનો સર્વાંગી વિકાસ થાય તેમજ શિક્ષણનું સ્તર ઊંચું આવે તેવા આશયથી ખાસ 'નિપુણ ગુજરાત' એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે.



તસવીરઃ હિરેન ગાંધી



મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી માધ્યમ શાળામાં આ લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શિક્ષણ સમિતિના ચેરમેન પરસોત કકનાણી, શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલ તથા અન્ય હોદ્દેદારો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા, જ્યાં ઉપસ્થિત શૈક્ષણિક સ્ટાફને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વિદ્યાર્થીઓના સચોટ મૂલ્યાંકન અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

રાજ્યના શિક્ષણમંત્રી અને શિક્ષણ સચિવની સમીક્ષા બેઠકના અનુસંધાનમાં લેવાયેલા આ નિર્ણયથી આગામી 'પરખ' સર્વેક્ષણમાં જામનગરની શાળાઓનું પ્રદર્શન વધુ ઉત્કૃષ્ટ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરાયો છે.

નોંધનીય છે કે, આ ડિજિટલ એપ્લિકેશન તૈયાર કરવામાં સ્થાનિક શિક્ષકો પરેશભાઈ સાહત્યા, સંજયભાઈ મેશિયા અને સંજયભાઈ ચાંદ્રાની ટીમે પ્રશંસનીય જહેમત ઉઠાવી છે.

# જામનગરના શકિતનગરમાંથી જુગાર રમતા ચાર ઝડપાયા


**સમય સંદેશઃ જામનગર**

જામનગરના શક્તિનગરની ગલીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરમિયાન લાલપુર તાલુકાના બબરઝર ગામના કરશન ભીમાભાઈ કરમુર, વામ્બે આવાસ રોડ પર મયુરનગરમાં રહેતા પ્રકાશ પીઠાભાઈ ગોજીયા, ખોડીયાર કોલોની આદર્શ સોસાયટીમાં રહેતા સિદ્ધરાજસિંહ સતુભા ચુડાસમા અને ખોડીયાર કોલોની રાજ ચેમ્બર પાછળ રહેતા સંદીપ યોગેશભાઈ ડુવા સ્ટ્રીટ લાઈટના અજવાળે ગંજીપતાના પાનાં વડે પૈસાની હારજીત સાથે તીનપત્તીનો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી રૂ. ૪૨,૩૦૦ની રોકડ ગંજીપત્તાના પાનાં કબ્જે કર્યા હતા. ચારેય આરોપીઓ સામે જુગાર ધારા ભંગ હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાંથી બે યુવતિ લાપત્તા બન્યાની ફરિયાદ

## રણજીતસાગર રોડ પર રહેતી યુવતિ બ્યુટી પાર્લરમાં જવાનું કહી ઘરેથી નિકળ્યાં બાદ પાછી ન ફરતાં પોલીસમાં જાણ કરાઈ





**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના રણજિતસાગર રોડ ઉપર આવેલી ગોકુલદર્શન સોસાયટી, ગેઈટ નંબર ૩ પાસે, સાઈબાબાના મંદિર નજીકના વિસ્તારમાં રહેતી યુવતી તેણીના ઘરેથી બ્યુટીપાર્લરમાં જવાનું કહીને નીકળ્યા બાદ પરત તેના ઘરે આવી ન હતી. ત્યારબાદ પરિવાર દ્વારા લાપતા યુવતીની મિત્રવર્તુળ અને સગાસંબંધીઓને ત્યાં શોધખોળ કરવા છતાં યુવતીનો પત્તો લાગ્યો ન હતો. આખરે પ્રિયંકભાઇ વલ્લભભાઇ વરિયા દ્વારા સિટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. જેના આધારે હે.કો. એલ. એ. જાદવ તથા સ્ટાફએ લાપત્તા થયેલી યુવતીની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા હતાં. આ ઉપરાંત કાનાનગર વિસ્તાર રહેતા પરિવારની એક યુવતી કોઇને કંઇ કહ્યા વગર ઘરેથી નીકળી ગયેલ હોય અને ક્યાંક ચાલ્યા ગયેલ હોય જે હજુ સુધી મળી ન આવતા પોલીસ દ્વારા તપાસ શરૂ કરાઈ છે.

# જામનગર જિલ્લામાં મોતના ત્રણ બનાવ: હાર્ટ એટેક અને ડૂબી જવાથી ત્રણના મોત

## બાંધણીની દુકાનમાં કામ કરતા આધેડ જમીન પર ઢળી પડ્યા, ગેસ્ટ હાઉસમાં યુવકની તબિયત લથડતા દમ તોડ્યો; જ્યારે ખડખંભાળિયા ડેમમાં ન્હાવા પડેલા યુવાનનું ડૂબી જવાથી કરુણ મોત

**સમય સંદેશ: જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં અલગ-અલગ ત્રણ કરુણ ઘટનાઓમાં ત્રણ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. શહેરમાં બે સ્થળોએ અચાનક તબિયત લથડવાના કારણે પ્રૌઢ-યુવાનના મોત નીપજ્યા છે, જ્યારે લાલપુર તાલુકાના ખડખંભાળિયા ડેમમાં ન્હાવા પડેલા ત્રણ મિત્રોમાંથી એક યુવાનનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત થતાં અરેરાટી વ્યાપી ગઈ છે.

શહેરના બારદાનવાલા કોમ્પ્લેક્ષના રૂમ નં. ૧૦૮માં રહેતા ૫૨ વર્ષીય પારસભાઈ રજનીકાંતભાઈ શેઠ દરબારગઢ સર્કલ પાસે આવેલી 'ભાવિક બાંધણી' નામની દુકાનમાં નોકરી કરતા હતા. ગત ૯ જુલાઈની રાત્રે તેઓ દુકાને ફરજ પર હતા, ત્યારે અચાનક તેમની તબિયત બગડી હતી અને તેઓ જમીન પર ઢળી પડ્યા હતા. સારવાર અર્થે તેમને તાત્કાલિક ૧૦૮ મારફતે જી.જી. હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે એ ડિવિઝન પોલીસે અકાળે મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.





અન્ય એક ઘટનામાં, બેડેશ્વર રામનગર વિસ્તારમાં રહેતા વિપુલભાઈ ગોગનભાઈ લિંબડ ગત ૧૨ જુલાઈના રોજ કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર પાસે આવેલા શ્રીજી ગેસ્ટ હાઉસના રૂમ નંબર ૩૧૩માં રોકાયા હતા. આ દરમિયાન અચાનક તેમની તબિયત લથડતા હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે મૃતકના ભાઈ ભરતભાઈ લિંબડે પોલીસને જાણ કરતા પોલીસે પોસ્ટમોર્ટમ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દિગ્વિજય પ્લોટ-૪૯ના નહેરુનગર વિસ્તારના રહેવાસી રાકેશ મહેન્દ્રભાઈ બગડા (ઉ.વ. ૨૧), તેમનો પિતરાઈ ભાઈ જયદીપ ગિરધરભાઈ બગડા (ઉ.વ. ૨૦) અને નિકુંજ કરણભાઈ રાઠોડ (ઉ.વ. ૧૭) રવિવારે લાલપુર તાલુકાના ખડખંભાળિયા ધોધની મુલાકાતે ગયા હતા. ધોધ બંધ હોવાથી ત્રણેય મિત્રો નજીકના ડેમમાં ન્હાવા પડ્યા હતા. પરંતુ તરતા ન આવડતું હોવાથી ત્રણેય ઊંડા પાણીમાં ગરકાવ થવા લાગ્યા હતા.

સ્થાનિકોએ સમયસૂચકતા વાપરીને જયદીપ અને નિકુંજને બચાવી લીધા હતા, પરંતુ રાકેશ ઊંડા પાણીમાં લાપતા થયો હતો.

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ૮૦૦ ઈમારતોને પબ્લિક ન્યુસન્સ બદલ નોટીસ ફટકારતા કમિશનર

## વહીવટી ચાર્જ તરીકે રૂપિયા ૯૦ હજારની કરાઈ વસુલાત: સ્વચ્છતા માટે તાકીદ

**સમય સંદેશ: જામનગર**

જામનગરમાં જાહેર ન્યુસન્સ કર્તા આસામીઓ સામે પગલા લેવા અંગે મહાનગરપાલિકાના કમિશ્નર સીધા માર્ગદર્શન હેઠળ શહેરના કોમર્શિયલ એકમોને ન્યુસન્સ નોટીસ ઈશ્યુ કરી છે, જાહેર આરોગ્ય અને લોકોની સુખાકારી જાળવવા અનુરોધ કરવામાં આવેલ છે.

આ ન્યુસન્સ નોટીસમાં કોમર્શિયલ એકમો, હોટલો, રેસ્ટોરન્ટ, રેંકડી ધારકોને અલગ અલગ મુદ્દાઓ જેવા કે ધંધાકીય એકમના સ્થળ પર કચરો એકત્ર કરવા ફરજીયાત ડસ્ટબીન રાખવાનું રહેશે. ગ્રાહકો કચરાને ડસ્ટબીનમાં જ નાખે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. એકમમાંથી કોઈપણ પ્રકારના પાણી / વેસ્ટ પાણીનો નિકાલ જાહેરમાં કરવાનો રહેશે નહી. ધંધાકીય એકમની અંદરની સફાઈ કરવામાં આવે તે કચરો ફક્ત તમારા ડસ્ટબીનમાં જ રાખવાનો રહેશે અને આ ડસ્ટબીનના કચરાને માત્ર મ.ન.પા. ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન વાહનમાં જ આપવાનો રહેશે.


ધંધાને રાત્રે જયારે બંધ કરવામાં આવે કે સવારે ખોલવામાં આવે ત્યારે ધંધાનો કોઈપણ પ્રકારનો કચરો જાહેરમાં, ખુલ્લા પ્લોટમાં, ઓપન પોઈન્ટમાં કે અન્ય બીન્સમાં ફેંકશો નહી. તેને માત્ર ગાર્બેજ કલેકશન કરતા વાહનમાં જ આપવાનો રહેશે. ધંધાકીય એકમ આસપાસ સફાઈ જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.ઉકત બાબતો જાહેર આરોગ્ય અને લોકોની સુખાકારી સાથે સંકળાયેલ બાબત હોય, જેની ચૂસ્તપણે અમલવારી કરવાની રહેશે.વિગેરે મુદાઓ સાથે શહેરના તમામ કોમર્શિયલ એકમોને નોટીસ ઈશ્યુ કરવાની કામગીરી હાલ ચાલુ છે.

અત્યાર સુધી કુલ-૮૦૦ થી વધુ કોમર્શિયલ એકમોને નોટીસો ઈશ્યુ કરી દેવામાં આવેલ છે.તેમજ શહેરના કોમર્શિયલ એકમો ધ્વારા ઉકત બાબતોની અમલવારી કરવામાં બેદરકારી દાખવવામાં આવશે તો દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ પણ જો કોઈ સુધારો જોવા નહી મળે તો લોકોના આરોગ્ય અને સુખાકારીને ધ્યાને લઈ ધી. જી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ ૩૭૬ (ક) ની જોગવાઈઓ હેઠળ ધંધાકીય એકમ/વ્યવસાયને બંધ કરવા/માલિકીની મિલ્કતને કલોઝ ડાઉન/સીલીંગ સહિતના તમામ પગલાઓ લેવામાં આવશે.

ઉપરોકત બાબતોની અમલવારી ન કરવા સબબ શહેરમાં ગત અઠવાડીયામાં કુલ-૨૩૪ જેટલા આસામીઓ સામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને કુલ રૂ.૯૦,૦૦૦ જેટલો વહીવટી ચાર્જ વસુલાત લેવામાં આવેલ છે.જામનગર મહાનગરપાલિકા ધ્વારા શહેરના તમામ કોમર્શિયલ એકમોને ઉકત મુદાઓની અમલવારી કરી, શહેરના જાહેર આરોગ્ય અને લોકોની સુખાકારી જાળવવામાં યોગદાન આપવા અનુરોધ કરવામાં આવે છે.

# ખંભાળિયામાં વિદેશી દારૂ પ્રકરણના નાસતો ફરતો આરોપી ઝડપાયો

## એસ.ઓ.જી. પોલીસે ચોટીલાના શખ્સને દબોચી લીધો



**સમય સંદેશ: ખંભાળિયા**

ખંભાળિયા વિસ્તારમાં વર્ષ ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન આશરે રૂપિયા પોણા બે લાખ જેટલી કિંમતની વિદેશી દારૂની ૧૩૧ બોટલ અંગેનો ગુનો નોંધાયો હતો. આ પ્રકરણમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ચાણપા ગામના રહીશ કુલદીપ ઉર્ફે ધમભા નારણભાઈ ગોહિલ નામના ૨૮ વર્ષના શખ્સનું નામ ખુલવા પામ્યું હતું. છેલ્લા આશરે એક વર્ષથી નાસતા ફરતા આરોપી સંદર્ભે અહીંના જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એસ.ઓ.જી. વિભાગના પી.આઈ. વી.એ. રાણા તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં એએસઆઈ વિરેન્દ્રસિંહ મનુભા જાડેજા અને વિજયસિંહ જાડેજા ને મળેલી બાતમીના આધારે ઉપરોક્ત શખ્સને તેના વતન ચાનપા (તા. ચોટીલા) ખાતેથી દબોચી લઈ, આગળની તપાસ અર્થે તેનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે.

# જામનગરમાં પ્રદૂષણ ફેલાવતા વધુ બે કારખાના સામે કાર્યવાહી કરતું જીપીસીબી

## છેલ્લા ત્રણ માસમાં ૨૧ કારણદર્શક નોટિસ, ૧૦ એકમોને નોટિસ ઓફ ડાયરેક્શન અને ૧૩ એકમોને બંધ કરવાના આદેશ

**સમય સંદેશ: જામનગર**

જામનગર જિલ્લામાં પર્યાવરણનું સંરક્ષણ સુનિશ્ચિત કરવા તથા ઔદ્યોગિક પ્રદૂષણ પર અસરકારક નિયંત્રણ લાવવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી), પ્રાદેશિક કચેરી, જામનગર દ્વારા સતત મોનિટરિંગ અને સઘન તપાસની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ અંતર્ગત તાજેતરમાં રાત્રિના સમયે શંકર ટેકરી ઔદ્યોગિક વિસ્તાર, જી.આઈ.ડી.સી. વિસ્તાર તથા ચેલા-ચંગા રોડ પર આવેલા વિવિધ ઔદ્યોગિક એકમોમાં અચાનક તપાસ હાથ ધરવામાં આવી હતી. ખાસ કરીને ઇલેક્ટ્રોપ્લેટિંગ એકમોમાંથી થતા પ્રદૂષણ અંગે વિશેષ ચકાસણી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બે ઔદ્યોગિક એકમો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નિર્ધારિત પ્રદૂષણ નિયંત્રણના ધોરણોનું પાલન કરતા ન હોવાનું જણાતા તેમની સામે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટેનો અહેવાલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની વડી કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવ્યો છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા છેલ્લા ત્રણ માસ દરમિયાન જિલ્લાના પ્રદૂષણકારક ઔદ્યોગિક એકમો સામે પણ અસરકારક કાર્યવાહી કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન કુલ ૨૧ ઔદ્યોગિક એકમોને કારણદર્શક નોટિસ, ૧૦ એકમોને નોટિસ ઓફ ડાયરેક્શન તેમજ ૧૩ એકમોને બંધ કરવાના આદેશો કરવામાં આવ્યા છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે કે પર્યાવરણને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓ સામે નિયમોનુસાર કડક કાર્યવાહી આગામી સમયમાં પણ યથાવત્ રાખવામાં આવશે.

જિલ્લાના તમામ ઔદ્યોગિક એકમોને પ્રદૂષણ નિયંત્રણના નિયત ધોરણોનું ચુસ્તપણે પાલન કરવા, જરૂરી પ્રદૂષણ નિયંત્રણ વ્યવસ્થાઓ કાર્યરત રાખવા તથા સ્વચ્છ અને હરિત પર્યાવરણના નિર્માણમાં સહભાગી બનવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જામનગર પંથકમાં સગીરા પર દુષ્કર્મની વધુ એક ઘટના

## પ્રેમ સંબંધની લાલચ આપી એક વર્ષથી કરાતું હતું શોષણ: ધરપકડ બાદ આરોપી જેલહવાલે

**સમય સંદેશ: જામનગર**

જામનગર શહેરના પંચકોશી એ-ડિવિઝન પોલીસ મથક હેઠળના એક ગામે સગીરા પર દુષ્કર્મની ગંભીર ઘટના સામે આવતા પંથકમાં ચકચાર મચી છે. આ મામલે સગીરાની માતાની ફરિયાદના આધારે ગામમાં જ રહેતા એક શખ્સ સામે પોક્સો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યા બાદ જેલ હવાલે કર્યો છે. પોલીસ ફરિયાદ મુજબ આરોપી વિજય ટોયટા નામના શખ્સે પોતાના ગામમાં જ રહેતી સગીરાને પ્રેમ સંબંધની લાલચ અને છેલ્લા આશરે એક વર્ષથી જુદા-જુદા સમયે તેની સાથે કુકર્મ આચર્યું હોવાનો આરોપ લગાવાયો છે. સમગ્ર મામલો બહાર આવતા સગીરાની માતાએ પંચકોશી એ-ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો.

જ્યાં આરોપી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બનાવની ગંભીરતાને પગલે ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી આરોપી વિજય ટોયટાની અટકાયત કરી હતી. બાદમાં તેને વધુ પૂછપરછ અને તપાસ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં કોર્ટના આદેશ બાદ આરોપીને હાલ જેલ હવાલે કરાયો હોવાનું નોંધાયુ છે.

# જામનગરમાં એક્ટિવામાં દારૂ લઈ નિકળેલ ઝડપાયો

**સમય સંદેશ: જામનગર**

જામનગરમાં એક્ટિવા પર અંગ્રેજી દારૂની હેરાફેરી કરતા યુવકને પોલીસે દબોચી લીધો હતો. જામનગર શહેરમાં દારૂ મામલે પોલીસે કાર્યવાહી કરી પંડિત દીનદયાલ આવાસ નજીક શિવ બેકર્સ પાસેથી પોલીસે એક્ટિવા પર દારૂ લઈ જતાં એક યુવકને ઝડપી પાડ્યો હતો. તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.શહેરના ત્રણ માળીયા આવાસ, ગોલ્ડન સિટી પાછળ રહેતો આરોપી જાવીદભાઈ જમાલભાઈ

અનુ પાના નં.૨ પર

# વિભાપરની બાળકીના અપહરણ મામલે દલિત સમાજના ધરણા





તસવીર: હિરેન ગાંધી

**સમય સંદેશ: જામનગર**

જામનગર તાલુકાના વિભાપર ગામની ૧૨ વર્ષની બાળકીના અપહરણની ઘટનાને લઈને સમગ્ર દલિત સમાજમાં ભારે રોષની લાગણી વ્યાપી છે. ઘટનાના વિરોધમાં જામનગર જિલ્લા દલિત સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં સમાજના લોકો દ્વારા આજે શહેરના લાલ બંગલા સર્કલ ખાતે મૌન ધરણા અને વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ધરણા દરમિયાન ઉપસ્થિત આગેવાનોએ બાળકીને વહેલી તકે સુરક્ષિત શોધી કાઢવા, અપહરણમાં સંડોવાયેલા આરોપીની તાત્કાલિક ધરપકડ કરવા તેમજ સમગ્ર કેસમાં ઝડપી અને નિષ્પક્ષ તપાસ હાથ ધરી જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી હતી.

સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે આ પ્રકારની ગંભીર ઘટના સમાજ માટે ચિંતાજનક છે અને આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે પોલીસ તંત્રે વધુ સતર્કતા દાખવવી જરૂરી છે. તેમણે બાળકીને સુરક્ષિત પરત લાવવા માટે તમામ ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરી તપાસ ઝડપી બનાવવા અપીલ કરી હતી. લાલ બંગલા સર્કલ ખાતે યોજાયેલા મૌન ધરણામાં મોટી સંખ્યામાં દલિત સમાજના આગેવાનો, સામાજિક કાર્યકરો અને નાગરિકો જોડાયા હતા. ઉપસ્થિતોએ હાથમાં બેનરો સાથે બાળકીને ન્યાય મળે, આરોપીઓને કડક સજા થાય અને આવી ઘટનાઓ સામે કડક પગલાં ભરવામાં આવે તેવી માંગ સાથે શાંતિપૂર્ણ વિરોધ નોંધાવ્યો હતો. ધરણા બાદ પોલીસ તંત્ર અને જિલ્લા વહીવટીતંત્રને આવેદનપત્ર પાઠવી બાળકીને વહેલી તકે સુરક્ષિત પરત લાવવા તેમજ સમગ્ર ઘટનામાં ન્યાયસંગત અને ઝડપી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

# કલ્યાણપુર નજીક જૂગારધામ પર દરોડો : સાત શખ્સો ઝડપાયા



**સમય સંદેશ: કલ્યાણપુર**

એલ.સી.બી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશીના માર્ગદર્શન હેઠળ એલસીબીની તેમની ટીમ દ્વારા રવિવારે હાથ ધરવામાં આવેલા નાઈટ પેટ્રોલિંગ દરમિયાન કલ્યાણપુર નજીકના સુઈનેસ ગામના વાડી વિસ્તારમાં જુગાર રમતો હોવાની ચોક્કસ બાતમી સ્ટાફના એએસઆઈ કિશોરભાઈ નંદાણીયા, ડાડુભાઈ જોગલ અને ખીમાભાઈ કરમુરને મળી હતી.

આને અનુલક્ષીને સુઈનેસ ગામના વાડી વિસ્તારમાં રહેતા સાજણ માણસુરભાઈ ગઢવી નામના શખ્સ દ્વારા પોતાની વાડીએ આવેલા પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી અને તેઓને લાઈટ, પાણી અને જુગારના સાધનોની વ્યવસ્થા પૂરી પાડી, તેના બદલામાં નાલ ઉઘરાવીને ગંજીપાના વડે રમાડવામાં આવતો જુગાર ઝડપાયો હતો.

આ જુગારના અખાડામાંથી પોલીસે સાજણ માણસુર ગઢવી, ખીમા નારણ ચાવડા, દેશુર અરજણ ચાવડા,

અનુ પાના નં.૨ પર

# અંધાશ્રમ આવાસના વધુ ૬૧૨ આવાસ ટૂંક સમયમાં તોડી પડાશે



તસવીર: હિરેન ગાંધી

**સમય સંદેશ: જામનગર**

કોર્પોરેશનની આવાસ યોજનાના તુટી ચુકેલા ૬૧ બ્લોકસના ૭૩૨ બ્લોકસના વિસ્થાપિતો માટે તેમજ હવે તોડવાના થતા આવાસોના ધારકો માટે રિડેવલપમેન્ટ યોજના જાહેર થઈ છે. ત્યારે હવે ૯૦ ટકા ખાલી એવા બાકી બચેલા ૫૧ બ્લોક્સના ૬૧૨ આવાસો વહેલી તકે દુર કરવાની કામગીરી તંત્ર હાથ ધરવા જઈ રહ્યું છે. હાલ મોટાભાગના આવાસો ખાલી થયેલા હોવાથી કોલોનીમાં ભેંકાર વ્યાપ્યો છે.

વર્ષ ૨૦૦૦ની સાલમાં મહાનગરપાલિકાની પ્રથમ આવાસ યોજનામાં અંધાશ્રમ ફાટક નજીક એક બ્લોકમાં ૧૨ ફ્લેટ ધરાવતા બે માળીયા એવા કુલ ૧૧૨ બ્લોક્સ એટલે કે, ૧૪૦૪ ફ્લેટો બનાવવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૮ સુધીમાં માવજતના અભાવે આ આવાસ યોજનાના બ્લોક્સને જર્જરિત જાહેર કરાયા બાદ તંત્રએ લોકોને ખુબ સમજાવટો કરી, નોટીસો આપી, ગ્રુપ મીટીંગો ગોઠવી, બાકી ચડત હપ્તા ભરી આપવા ખાસ ડિસ્કાઉન્ટ યોજના ચાલુ કરીને લત્તામાં જ કાઉન્ટર શરુ કરાવ્યું હતું. પરંતુ આ આવાસ યોજનામાં જે તે સમયે લોકો એક બીજા સાથે કરાર કરીને મકાન વેંચીને ચાલ્યા ગયા હતા. પરિણામે આવાસ યોજનામાં ૭૦ ટકા મકાનો પુર્ણ હપ્તા ભરેલા છે. બાકીના આવાસોમાં હપ્તા ભરવાના બાકી છે. ૨૦૨૪ના સપ્ટેમ્બરથી ડિસેમ્બર સુધીમાં તંત્રએ ૬૧ બ્લોક્સ તોડી પાડયા છે. આ મેદાનમાં મકાન ગુમાવેલાને મફતમાં વળતરરૂપી આવાસો આપવાની

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com